# પ્રજાપતિ સમાજના કાર્યકરો ગાંધીનગરમાં એક મંચ પર એકત્ર થયા

## રાષ્ટ્રીય પ્રજાપતિ સમરચના સંમેલનમાં સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા પર ભાર મુકાયો : કુંભાર-પ્રજાપતિ સમાજને અનુસૂચિત જનજાતિમાં સમાવવા ઝુંબેશ હાથ ધરાશે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના આંગણે આજે રવિવારના દિવસે દેશભરમાં કુંભાર-પ્રજાપતિ સમાજની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉમટી પડ્યા હતા. સેક્ટર-૧૨ના બલરામ પરિસર ખાતે સમગ્ર દેશના કુંભાર-પ્રજાપતિ સમાજનું 'રાષ્ટ્રીય પ્રજાપતિ સમરસતા સંમેલન' યોજાયું હતું. જેમાં વિવિધ રાજયોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં પ્રજાપતિ સમાજના વિકાસ અને એકતા માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મોટી સંખ્યામાં ઉમટી પડેલા કાર્યકરોને કારણે રાષ્ટ્રીય પ્રજાપતિ સમરસતા સંમેલનમાં અનોખો ઉત્સાહ વ્યાપી ગયો હતો. કુંભાર-પ્રજાપતિ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ લક્ષ્મીચંદ પ્રજાપતિ અને રાષ્ટ્રીય સચિવ સંતરામજી સહિત નટવરલાલ પ્રજાપતિ, નૌકાબેન પ્રજાપતિ, કેશવલાલ, દેવેન્દ્રભાઈ, ગોવિંદભાઈ, વિરચંદભાઈ, મનુભાઈ, બિપિનભાઈ વાટલીયા, પોપટલાલ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ લક્ષ્મીચંદજીએ સંમેલનમાં પ્રજાપતિ સમાજના કાર્યકરોને સંબોધતા સમાજની એકતા અને શિક્ષણના વ્યાપ વધારવા પર ભાર મુક્યો હતો. તેમણે પ્રજાપતિ સમાજની મોટી સંખ્યા હોવા છતાં દેશના નેતૃત્વમાં સ્થાન નહી હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રીય કુંભાર-પ્રજાપતિ સમરસતા સંમેલનમાં સમાજના વિવિધ આગેવાનો દ્વારા સમાજમાં શિક્ષણને મહત્વ આપી પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિવિધ ગોળ, જ્ઞાતિ અને વિસ્તારના વાડામાં અલગ અલગ વહેંચાયેલા પ્રજાપતિ સમાજને વાડાબંધીમાંથી મુક્ત કરી એક સંગઠિત સમાજ બનાવવા હાંકલ કરાઈ હતી. પ્રજાપતિ સમાજને અનુસૂચિત જનજાતિમાં સમાવવા રાષ્ટ્રવ્યાપી ચળવળ ચલાવી સમાજનો અવાજ બુલંદ બનાવી સમાજના કચડાયેલા વર્ગને તેમનો હક્ક અપાવવા લડત આપવાનો પણ નિર્ણય આ સંમેલનમાં કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય અધ્યક્ષ લક્ષ્મીચંદજી અને મુખ્ય સચિવ સંતરામજીની એક એક હાકલને કાર્યકરોએ જોરદાર ઉત્સાહ સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

દેશની દરેક રાજકિય પક્ષો દ્વારા અત્યાર સુધી પ્રજાપતિ સમાજનો ઉપયોગ કરાયો છે. પરંતુ સમાજને પ્રતિનિધિત્વ અપાયુ નથી ત્યારે સમાજે સંગઠિત થઈ એકતા દ્વારા સમાજને થઈ રહેલા અન્યાય સામે સંગઠિત થઈ સમાજનું વર્ચસ્વ વધારવા નિર્ધાર કરાયો હતો. આ સંમેલનમાં સવારે ૯ વાગ્યાથી જ મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડ્યા હતા.

# ધોળાકુવાના ચકચારી હત્યા કેસમાં શકમંદોના એસડીએસ ટેસ્ટ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ધોળાકુવાની ૧૬ વર્ષની કિશોરીની હત્યા કરીને કોથળામાં બાંધેલી હાલતમાં ગામની સીમમાંથી ફેંકી દેવાયાની ચકચારી ઘટનાના આરોપીઓ હજુ પકડાયા નથી. શકમંદ માતા, ભાઈ સહિત ત્રણ જણાના એસડીએસ ટેસ્ટ કરવા માટે સે. ૭ પોલીસે એફએસએલ પાસેથી સમયની માંગણી કરી છે.

ધોળાકુવામાં રહેતી ૧૬ વર્ષની આશા ગુમ થયા બાદ બીજા દિવસે સવારે તેની લાશ કોશળામાંથી મળી આવી હતી. આ રહસ્યમય હત્યા કેસમાં હજુ સુધી પોલીસને પગેરૂ મળી શક્યુ નથી. શંકાના દાયરામાં આવેલા મૃતક કિશોરીના માતા, ભાઈ સહિત ત્રણ જણાના નાર્કો ટેસ્ટ માટે કોર્ટમાંથી મંજુરી મેળવવા પોલીસે ગતિવિધિ કરી છે. જો કે બીજી તરફ એસ.ડી.એસ. ટેસ્ટ ત્રણેય શકમંદના કરવા એફએસએલને લેટર લખી તારીખની માંગણી કરી છે. સે. ૭ પોલીસ હવે વૈજ્ઞાનિક પદ્ધતિથી આરોપીઓ સુધી પહોંચવા મથી રહી છે. હવે જોવુ રહ્યું કે આરોપીઓ સુધી પહોંચવા પોલીસને સફળતા મળે છે કે નહી.

# ઈન્ફોસિટી સ્કૂલમાં ધોરણ-૧૦ પછી શું ?

## સેમિનાર યોજાયો : તજજ્ઞો દ્વારા માહિતી અપાઈ



ગાંધીનગર, તા. ૩૦

ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે ત્યારે વિદ્યાર્થીઓ મજાના મુડમાં હોય છે. પરંતુ બાળકના વાલીઓ ચિંતીત હોય છે કે હવે મારા બાળક માટે કઈ લાઈન પસંદ કરવી ત્યારે વાલીઓ માટે સમસ્યાનું સમાધાન લાવવા ઈન્ફોસિટી સ્કૂલમાં માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સ્થિત ઈન્ફોસિટી સ્કૂલમાં માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. જે અંતર્ગત ધોરણ-૧૧માં પ્રવેશના ગૃપ સિલેક્શન અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં ઉપસ્થિત વાલીગણને શિક્ષકો દ્વારા પોતાના બાળકોને સી.બી.એસ.ઈ. કે બી.એસ.ઈ.બી. બન્નેમાંથી કયા બોર્ડના અભ્યાસક્રમ સ્વીકારવો તેમજ એઆઈપીએમટી, જેઈઈ (મેઈન) અને જેઈઈ (એડવાન્સ) જીયુવાયસીઈટી અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તેમજ શિક્ષણ ખાતા દ્વારા કરવામાં આવેલી સેમેસ્ટર સિસ્ટમ, પરીક્ષા પદ્ધતિ, વિષયોની પસંદગી અને ધોરણ-૧૨ પછી શું ? તેવા પ્રશ્નોની વિસ્તૃતમાં નિષ્ણાત શિક્ષકો દ્વારા માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં ત્રણસોથી વધુ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય ડૉ. પ્રદિપ ગગલાણી, ચેરમેન, વી.વી. વૈષ્ણવ, મેનેજીંગ ટ્રસ્ટી એમ.કે. દલસાણિયા, ડાયરેક્ટર શૈલેષભાઈ પંડ્યા, શિક્ષકો તુષારકુમાર, રેશ્માબેન, જ્યોતિબેન દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# પરિણીતાને ત્રાસ આપી તગેડી દેનાર સાસરીયા સામે ફરીયાદ

## પતિ, દિયર, સાસુ સહિત સાત વ્યક્તિ સામે ગુનો દાખલ : કરીયાવર લાવી નથી કહીને મારઝુડ કરી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીકના સાદરા ગામમાં બે વર્ષ પહેલા પરણીને આવેલી પરિણિતાને કરીયાવર ન લાવી હોવાના મ્હેણાં મારીને શારીરિક-માનસિક ત્રાસ આપી મારઝુડ કરીને ઘરેથી તગેડી મુકનાર સાસરીયાઓ સામે પરિણિતાએ ચિલોડા પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે. ચિલોડા પોલીસે પરિણિતાની ફરીયાદ મુજબ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

રામોલ ગામના અંજુમબાનુ શેખના બે વર્ષ પહેલા ગાંધીનગર પાસેના સાદરા ગામે મીયાઝુદ્દેન સદરૂદ્દીન શેખ સાથે લગ્ન થયા હતા. પરિણિતાના અંજુમબાનુને તેમના પતિ તથા દિયર, સાસુ સહિત પરિવારના સાત સભ્યો મળીને 'તુ લગ્ન સમયે કરીયાવર લાવી નથી' તેવા મ્હેણા મારીને શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની ફરીયાદ પરિણિતાએ આપી છે. પરિણિતા સાથે મારઝુડ કરીને બે દિવસ અગાઉ ઘરેથી કાઢી મુકતા પોતાના ભાઈના ઘરે તેણી ચાલી ગઈ છે. પતિ સહિત સાત જણા સામે ફરિયાદ આપતા ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ એમ.ડી. પરમારે તપાસ આરંભી છે.

# પતિના અત્યાચારથી ત્રસ્ત સાત સંતાનોની માતાએ ઘર છોડ્યુ

## છાલાની પરિણિતાએ પતિ વિરૂદ્ધ ચિલોડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૩૦

છાલામાં પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપતા પતિ વિરૂદ્ધ તેણીએ ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. સાત સંતાનોની માતા પર પતિ દ્વારા મારઝૂડ કરી અત્યાચાર ગુજારાતા પરિણિતાએ પોતાનું ઘર છોડવાની ફરજ પડી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જિલ્લાના છાલા ગામમાં રહેતા સમીનબાનુ મુખતારમીયાં મલેકને તેમના પતિ મુખતાર દ્વારા છેલ્લા ઘણા સમયથી ત્રાસ આપવામાં આવતો હતો. પોતાનો સંસાર ન ભાગે તે માટે અત્યાચાર સહન કરતી સાત સંતાનોની માતા સમીનબાનુને પતિ દ્વારા અવારનવાર માર મારવામાં આવતો હતો. ગત શુક્રવારે પણ તેણીને પતિ દ્વારા મારઝુડ કરવામાં આવી હતી. આ દરમિયાન તેણીને તુ મને ગમતી નથી તેવુ કહી ત્રાસ ગુજારવામાં આવતા પતિના ત્રાસથી ત્રસ્ત પરિણિતા પોતાના પતિનું ઘર છોડી ભાઈના ઘરે ચાલી ગઈ હતી. આ અંગે તેણીએ ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉવારસદથી ગુમ થયેલી યુવતી છત્તીસગઢથી મળી આવી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર પાસેના ઉવારસદ ગામના ઈંટોના ભઠ્ઠા નજીકના વિસ્તારમાં રહેતી મુળ રાજસ્થાનની ૧૮ વર્ષની યુવતી એક અઠવાડિયાથી લાપતા હતી. શોધખોળ બાદ પણ કોઈ પત્તો ન મળતા અડાલજ પોલીસમથકે યુવતીના પિતાએ જાણવાજોગ અરજી આપતા પોલીસે ગુમ સુદા યુવતીની શોધખોળ આરંભી હતી. પોલીસે તપાસ કરતા માહિતી મળી કે યુવતી તેણીની બહેનપણી સાથે છત્તીસગઢ પહોંચી ગયેલી યુવતીને પોલીસ લઈ આવી છે અને વાલીને સોંપી દીધી છે.

# શહેરમાં ચાર સ્થળોએ મફત લીમડાના ફુલનું વિતરણ થશે

ગાંધીનગર, તા. ૩૦

ચૈત્ર મહિનામાં ઉત્તમ ઔષધ ગણાતા લીમડાના ફુલના રસનું મફત વિતરણ કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં સેક્ટર-૬ ઉપરાંત તા. ૩૧ માર્ચથી એક મહિનો સેક્ટર-૪ના જાહેર બગીચામાં, સેક્ટર-૫-એમાં હરેશ મોદીના નિવાસ સ્થાન પ્લોટ નં. ૩૬૬/૧ અને સે. ૨૭ પ્લોટ નં. ૨૬૩ ગાયત્રીનગર ખાતે સવારે ૭ થી ૯ કલાક સુધી વિતરણ કરવામાં આવશે. આ નિઃશુલ્ક સેવાનો લાભ લેવા શહેરના નાગરિકોને જણાવ્યુ છે.

# સે. ૩-સી કલ્ચરલ સ્કવેરમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૩૦

સે. ૩-સી કલ્ચરલ સ્કવેર ખાતે પ્લોટ નં. ૪૬૧/૧ પાસે સ્થિત કોમન પ્લોટમાં આજે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨ થી ૬ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો રજૂ કરવામાં આવશે. ભાવિકોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

# અખિલ ગુજરાત આદિવાસી અધ્યાપક મંડળનું અધિવેશન યોજાયું : શ્રેષ્ઠ અધ્યાપકો-વિદ્યાર્થીઓને એવોર્ડ અર્પણ

ગાંધીનગર, તા. ૩૦

અખિલ ગુજરાત કૉલેજ યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક



(તસવીર : કશ્યપ નિમાવત)

મંડળનું નવમું અધિવેશન આજરોજ રવિવારે યોજવામાં આવ્યું હતું. જેમાં વર્ષ ૨૦૧૩-૧૪માં પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલ વિદ્યાર્થીઓ - અધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી.

ગાંધીનગર સેક્ટર-૨૩ કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલમાં સવારે ૯ કલાકે અખિલ ગુજરાત કૉલેજ યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળનું નવમું અધિવેશન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે અશોકભાઈ ચૌધરી મહાસચિવ, આદિવાસી એકતા પરિષદ ભારત અને ઉદ્ઘાટક તરીકે વાહારુ ફુલસિંગ સોનાવાણે સ્થાપક આદિવાસી એકતા પરિષદ, મહારાષ્ટ્ર, ભારત ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રાથના ગીત રજૂ કરી હતી અને ઈશ્વરભાઈ ગામીત પ્રમુખ અધ્યાપક મંડળે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં આદિવાસી સમાજના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

મંડળ દ્વારા આદિવાસી સમાજના પીએચ.ડી. પ્રાપ્ત કરેલા ડૉ. દિનેશ પટેલ અને ગુજરાતનાં જયસિંહ ગામીત અને ઈશ્વરભાઈ ગામીતને પુસ્તક પ્રકાશન કરનાર બંને લેખકોનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરેન્દ્રન, મોરબી, રાજકોટ, લીંબડી સહિતના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંડળના સ્થાપક ડૉ. જયવંતસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે મંડળ દ્વારા આવનારી પેઢીને જાગૃત કરવા માટે ખૂબ જ પ્રસંશનીય કાર્ય કરવામાં આવે છે અને કપરા સમયમાં પણ સંશોધન કરી ઉત્કૃષ્ઠ સેવા કરવામાં આવે છે તેમજ આદિવાસીના પેટમાં ક્યારેય પાપ હોતું નથી તેથી મંડળ હંમેશા વિકાસ કરતું હોય છે.

તેમણે સરકારની બદલાયેલી નીતિ રીતિની ટીકા કરી હતી અને સરકાર સામે માંગવાથી ન મળે તો છીનવી લેવા માટે પણ જણાવ્યું હતું. આદિવાસી વિદ્યાર્થીઓને સરકારી ક્ષેત્રે આગળ આવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. મંડળના કાર્યોમાં જે વ્યક્તિ સમયનો ભોગ આપી શકે તેવી વ્યક્તિને જ મંડળનો નેતા બનાવવો જોઈએ તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમ બે બેઠકમાં યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ બેઠકમાં સન્માન સમારોહ અને બીજી બેઠકમાં સાધારણ સભા યોજવામાં આવી હતી. જેમાં આદિવાસી મંડળની વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે વનરાજ પારગી, ડૉ. પંકજ સુવેરા, અશોકભાઈ ચૌધરી, કનુભાઈ રાઠવા, જયરામભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૪
સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યંગીસ્તાન : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ઓ-તેરી : ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫
ક્વીન : ૧૨.૧૫, ૫.૩૫
: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦
ઓ-તેરી : ૧૨.૫૦, ૫.૫૦
: સ્ક્રીન-૪ :
ઢીશ્કીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશ્કીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડીશ્કીયૂન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યોન્ગીસતાન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ઓ-તેરી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
યોન્ગીસતાન : ૧.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મિથુન** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. સુરજબેન કહરાભાઈ પટેલ (ઉ.વ.૪૮) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. અરૂણાબેન રમેશચંદ્ર શાહ (ઉ.વ.૬૩) પ્લોટ નં. ૭૨૨/૨, સેકટર-૬/બી, ગાંધીનગર.
- સ્વ. લીલાવતીબેન લવજીભાઈ સિધ્ધપુરા(ઉ.વ.૮૦) પ્લોટ નં. ૧૦/૫, જી.ઈ.બી. કોલોની, ગાંધીનગર.
- સ્વ. કમુબેન રેવાભાઈ વણકર(ઉ.વ.૬૫) પ્લોટ નં. ૧૦૯૨/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. ચંદ્રિકાબેન રમણભાઈ પટેલ(ઉ.વ.૫૪) એચ-૧૦/૧૧૩, સરદાર પટેલ હાઉસીંગ સોસાયટી, સેકટર-૧૪, ગાંધીનગર.